# સ્વામિનારાયણ મંદિર દ્વારા સત્સંગ આરાધના યાત્રા યોજાઈ








## યાત્રાનો મુખ્ય ઉદ્દેશ શહેરના માર્ગો પર ટ્રાફિક નિયમન તેમજ પર્યાવરણ બચાવમાં વૃક્ષોનું મહત્ત્વ, બાળકોમાં વાચનશક્તિ વધારવા માટે સત્સંગ સાહિત્ય વાચન જેવા મુદ્દાઓ

ગાંધીનગર, તા. ૨૬

સેક્ટર-૨૩ ખાતે સ્થિત સ્વામિનારાયણ મંદિર ખાતેથી સત્સંગ આરાધના પર્વના ભાગરૂપે આજે સત્સંગ આરાધના યાત્રા નગરના માર્ગો પર નીકળી હતી. આ પ્રદર્શન યાત્રાનો મુખ્ય ઉદ્દેશ શહેરના માર્ગો પર ટ્રાફિક નિયમન તેમજ પર્યાવરણ બચાવમાં વૃક્ષોનું મહત્ત્વ સાથોસાથ બાળકોમાં વાચનશક્તિ વધારવા માટે સત્સંગ સાહિત્ય વાચન જેવા મુદ્દાઓ હતા. આ રેલી ભક્તિ આરાધનાના કાર્યક્રમો સાથે શહેરના માર્ગો પર ફરી હતી. ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ આ યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. સ્વામિ હરિકેશવદાસજી અને શાસ્ત્રી સ્વામિ હરિપ્રિયદાસજી આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. ૧૦ જેટલી સાઈકલ, ૪૫ જેટલા મોટરસાઈકલ, ૫૩ જેટલી મોટરકાર અને ભજન મંડળી સવાર બે ટ્રેક્ટર તેમજ ટ્રાફિક નિયમન કરતા અને પર્યાવરણ બચાવવાના ઉદ્દેશ સાથે બે ટૅબ્લો પણ આ પ્રદર્શન યાત્રામાં જોડાયા હતા. યાત્રાના માર્ગ પર ટ્રાફિકના નિયમો દર્શાવતી પુસ્તિકાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. દિવસ દરમ્યાન શહેરના મુખ્ય માર્ગો પર ફરી યાત્રા સાંજે નિજ મંદિર પરત ફરી હતી.

### યુનિવર્સિટી સાથે વ્યૂહાત્મક ભાગીદારી કરાશે

# ૭૭ યુનિવર્સિટી ગુજરાતમાં આવવા માટે સંપૂર્ણ સુસજ્જ

### વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટના ભાગરૂપે હવે બેઠક યોજવામાં આવે : વિદ્યાર્થીને ઘણા બધા વિકલ્પો ઉપલબ્ધ

અમદાવાદ, તા. ૨૬

ગુજરાત વિકાસની સાથે સાથે શિક્ષણના ક્ષેત્રમાં પણ ઝડપથી આગળ વધી રહ્યું છે. આવનાર દિવસોમાં ગુજરાત ૭૭ યુનિવર્સિટી સાથે હાથ મિલાવવાની તૈયારીમાં છે જેથી વિદ્યાર્થીઓને ઘણા બધા વિકલ્પો મળશે. આશરે ૨૫ દેશોની ૭૭ યુનિવર્સિટી રાજ્યમાં યુનિવર્સિટી સાથે વ્યૂહાત્મક ભાગીદારી કરવા ગુજરાત પહોંચી રહી છે.

આ યુનિવર્સિટી વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટના ભાગરૂપે શૈક્ષણિક સંસ્થા માટે ઈન્ટરનેશનલ કોન્ફરન્સના ભાગરૂપે મળશે. સંશોધનની પ્રવૃત્તિ, ફેકલ્ટી અને વિદ્યાર્થીની આપ લે, નોલેજ આપલે અને યુનિવર્સિટીની ક્ષમતા નિર્માણ જેવી પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા માટે આ તમામ યુનિવર્સિટી એકત્રીત થશે. શિક્ષણના ક્ષેત્રમાં ગુજરાત પહેલાંથી જ ખૂબ જ આગળ રહ્યું છે. હવે ૭૭ યુનિવર્સિટી સાથે ગુજરાત હાથ મિલાવવા જઈ રહ્યું છે. ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ (આઈઆઈએમ) ઈન્ડયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી (આઈઆઈટી) અને નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાઈ જેવી વિશ્વભરમાં પ્રતિષ્ઠા ધરાવતી શૈક્ષણિક સંસ્થાઓના કેન્દ્ર એવા ગુજરાતમાં જાન્યુઆરી મહિનામાં વૈશ્વિક યુનિવર્સિટીઓ પણ એકત્રિત થશે.

જે યુનિવર્સિટીઓએ અહીં આવવા માટે તૈયારી બતાવી છે તેમાં યુનિવર્સિટી ઓફ લંડન, યુનિવર્સિટી ઓફ સાઉથ ઓસ્ટ્રેલિયા, યુનિવર્સિટી ઓફ ટોરન્ટો, યુનિવર્સિટી ઓફ બ્રિટિશ કોલંબિયા, યુનિવર્સિટી ઓફ ગ્લાસગો, યુનિવર્સિટી ઓફ હોસ્ટન, યુનિવર્સિટી ઓફ સાઉથ કેરોલીના, જ્યોર્જ વોશિંગ્ટન યુનિવર્સિટી, યુનિવર્સિટી ઓફ વુલોગ, યુનિવર્સિટી ઓફ લિવર પુલનો સમાવેશ થાય છે. જાણકાર સૂત્રોએ કહ્યું છે કે આ કોન્ફરન્સમાં જુદા જુદા વિષય ઉપર પ્રકાશ ફેંકવામાં આવશે.

રોજગાર લક્ષી શિક્ષણ ઉપર ભાર મૂકવામાં આવશે. વિદેશી યુનિવર્સીટ સાથે વાતચીત સ્કીલ ડેવલોપમેન્ટ, ઈન્ટરર્નશીપ, એક્ચેન્જ ઓફ ટિચીંગ, લર્નિંગ મેટેરિયલ એન્ડ રિસર્ચ માટેના માર્ગ ખોલશે. ગુજરાત સરકાર પહેલાંથી જ આગામી બિઝનેસ સમીપને લઈને તૈયારીમાં છે. આ કોન્ફરન્સ ૯મી અને ૧૦મી જાન્યુઆરીના દિવસે યોજાશે. આ પરિષદમાં વિચારોની વહેંચણી, સંશોધન પ્રવૃત્તિના પ્રોત્સાહન ઉપર ભાર મૂકવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે વાઈબ્રન્ટ ગુજરાત સમીપ ૨૦૧૧માં ૫૦ શૈક્ષણિક સહકાર કરવામાં આવ્યા હતા. રાજ્ય સરકાર ટાટા મોટર્સ સાથે મળીને ૧૦૦૦ યુવા વિદ્યાર્થીઓને ટ્રેનીંગ પણ આપી ચૂકી છે.

## કઈ યુનિવર્સિટી આવશે

- યુનિવર્સિટી ઓફ એડીલેડ
- હારવર્ડ કેનેડી સ્કૂલ
- યુનિવર્સિટી ઓફ લંડન
- યુનિવર્સિટી ઓફ ગ્લાસગો
- યુનિવર્સિટી ઓફ લીવરપુલ
- યુનિવર્સિટી ઓફ સાઉથ ઓસ્ટ્રેલિયા
- યુનિવર્સિટી ઓફ બ્રિટિશ કોલંબિયા
- યુનિવર્સિટી ઓફ ટોરેન્ટો
- જ્યોર્જ વોશિંગ્ટન યુનિવર્સિટી
- યુનિવર્સિટી ઓફ સાઉથ ઓસ્ટ્રેલિયા
- એસોશીએશન ઓફ આફ્રિકન યુનિવર્સિટી
- યુનિવર્સિટી ઓફ હોસ્ટન
- યુનિવર્સિટી ઓફ સાઉથ કેરોલીના
- યુનિવર્સિટી ઓફ રોયલ ભૂતાન

# જીટીયુની પરીક્ષા વિધિવત રીતે શરૂ : ૧ લાખ વિદ્યાર્થી

### બીઈ, બી ફાર્મા, એમબીએ અને એમસીએની પરીક્ષાઓ શરૂ થઈ : પરીક્ષાનો બીજો તબક્કો ૩ જાન્યુઆરીથી શરૂ

અમદાવાદ, તા. ૨૬

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટી (જીટીયુ) પરીક્ષા આજથી વિધિવત રીતે શરૂ થઈ છે. બીઈ, બીફાર્મા, એમબીએ, એમસીએ માટેનો પરીક્ષાનો પ્રથમ તબક્કો આજથી શરૂ થયો હતો. આશરે એક લાખ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ઉપસ્થિત થયા છે. અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે પરીક્ષામાં કોઈપણ પ્રકારની કોપીના કિસ્સાઓને રોકવા માટે ૧૫ જુદી જુદી ટીમોની રચના કરવામાં આવી છે. પરીક્ષાનો પ્રથમ તબક્કો ૧લી જાન્યુઆરીના દિવસે પરિપૂર્ણ થશે. જ્યારે બીજો તબક્કો ત્રીજી જાન્યુઆરીના દિવસે શરૂ થશે. અધિકારીઓએ કહ્યું છે કે આ પરીક્ષા કુલ ત્રણ તબક્કામાં પરિપૂર્ણ કરી લેવામાં આવશે. અધિકારીઓએ એમ પણ કહ્યું છે કે અમદાવાદમાંથી ૨૦૦ જેવા વિદ્યાર્થીઓ છે જે સમયસર પરીક્ષાના ફોર્મ ફરી શક્યા નથી. આવા વિદ્યાર્થીઓ માટે એક જ સેન્ટરમાં તેમની પરીક્ષા યોજવાની વ્યવસ્થા કરવામાં આવી છે. જીટીયુના પરીક્ષા વિભાગે ચાંદખેડામાં નવા કેમ્પર્સને ખસેડી લેવાની જાહેરાત પહેલાંથી જ કરી હતી પરંતુ એલડી એન્જીનીયરીંગ કોલેજમાં સેન્ટરને કોઈપણ પ્રકારની ગૂંચવણને ટાળવા માટે યથાવત્ રીતે ચાલુ રાખીને વિદ્યાર્થીઓની સમસ્યા ઉકેલી છે. જીટીયુની પરીક્ષાને લઈને વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સાથે સાથે છેલ્લા ઘણા દિવસથી પરીક્ષાને લઈને વિદ્યાર્થીઓ તૈયારીમાં પણ વ્યસ્ત હતા. બીઈ, બી ફાર્મા, એમબીએ અને એમસીએની પરીક્ષામાં એક લાખથી વધુ વિદ્યાર્થીઓ હોવાથી જીટીયુના અધિકારીઓ પણ ચોરીના કેસ અને અન્ય ગેરરીતિના કેસોને રોકવા માટે પહેલાથી જ તૈયારી કરી ચૂક્યા છે. જીટીયુની પરીક્ષા આજથી શરૂ થયા બાદ કેન્દ્રો ઉપર પણ સાવચેતીના તમામ પગલાં લેવામાં આવ્યા છે. સેન્ટરને લઈને હાલમાં વિદ્યાર્થીઓમાં દુવિધા પણ રહી હતી.

## કલ્પના દવેનાં ચિત્રોનું પ્રદર્શન ૨૯મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

રંગો સાથે કામ કરતાં અને સુંદર ચિત્રોનું સર્જક કરી પોતાની અભિવ્યકિત કરતા કલ્પના દવેના ચિત્રોનું પ્રદર્શન 'અભિવ્યકિત' તા. ૨૯મી ડિસેમ્બર ૨૦૧૨ને સાંજે ૫-૦૦ કલાકે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના રીજીઓનલ ડાયરેકટર સુદર્શન સોનાની અધ્યક્ષતામાં ખુલ્લું મુકાશે.

શ્રી રવિશંકર રાવલ કલા ભવન, ન્યુ લો ગાર્ડન, જીમખાના કલબ, એલિસબ્રિજ, અમદાવાદ ખાતે યોજાનાર 'અભિવ્યકિત' ચિત્રોના પ્રદર્શનીને કલારસિકો ૩૧મી ડિસેમ્બર સુધી સવારે ૧૧ થી ૭ કલાક દરમિયાન નિહાળી શકશે.

## વડોદરામાં 'રાત્રે ટ્યુશન નહીં'ના નિર્ણયને ગાંધીનગરમાં આવકાર

ગાંધીનગર, તા. ૨૬

દિલ્હીમાં થયેલા સામુહિક દુષ્કર્મ પછી દેશભરમાં ઊઠેલા જુવાળના પગલે એક દિવસ અગાઉ બરોડા શહેર પોલીસે રાત્રિ સમય દરમ્યાન ટ્યુશન પર લાદેલા પ્રતિબંધને રાજ્યની માફક ગાંધીનગરમાંથી પણ પ્રતિસાદ સાંપડી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે બરોડા શહેર પોલીસે દિલ્હી દુષ્કર્મ મામલાના અનુસંધાનમાં શૈક્ષણિક સંસ્થાઓ અને મહિલા હોસ્ટેલમાં યુવતીઓ પોતાને વધારે સુરક્ષિત કરે તેની ખાતરી કરવા બે જાહેરનામા જારી કરી લીધા હતા જેના ભાગરૂપે રાત્રે નવ વાગ્યા બાદ વડોદરામાં ટ્યુશન ઉપર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. ટ્યુશન કલાસમાં વિદ્યાર્થીઓ સુરક્ષિત રહે તે માટે પોલીસે જાહેરનામું જારી કરીને કહ્યું છે કે ટ્યુશન કલાસ સવારે ૭.૦૦ વાગ્યા પહેલા અને રાત્રે ૯.૦૦ વાગ્યા બાદ ચલાવી શકાશે નહીં.

ગાંધીનગરમાં આ નિર્ણયને સારો પ્રતિસાદ સાંપડ્યો છે અને અહીં પણ આવો જ નિર્ણય લેવાવો જોઈએ એવો સૂર લોકલાગણીમાંથી ઊઠી રહ્યો છે. આજે જ્યારે ધોરણ-૧૦,૧૧, ૧૨ ઉપરાંત પ્રાથમિક કક્ષાએ પણ ટ્યુશન અનિવાર્ય બની ગયું છે ત્યારે વિદ્યાર્થીનીઓ સામે કોઈ અપરાધ ન બને તે જોવાની ફરજ તંત્રની પણ છે અને તંત્રએ આ માટે સજાગ રહેવું જોઈએ એવું સ્થાનિક લોકો માની રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે ગાંધીનગર શહેરમાં પણ ટ્યુશનનો વાઈરસ એટલો વકર્યો છે કે ન માત્ર કિશોર વયની વિદ્યાર્થીનીઓ, પરંતુ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ પણ સૂરજ ઊગ્યા પહેલાં ટ્યુશન જાય છે અને કેટલાક રાત્રિના સમયે પરત આવે છે. આવા સંજોગોમાં સુરક્ષાના કારણોસર જો તંત્ર જ રાત્રિ સમયના ટ્યુશન પર પ્રતિબંધ મુકે તો જ લોકો પર આપોઆપ રોક આવી શકે એવુ લોકો માની રહ્યા છે.

## શ્રી ગજાનન સેવા સમિતિ શાળા આરોગ્ય કાર્યક્રમમાં સહભાગી

ગાંધીનગર, તા, ૨૬

ગજાનન સેવા સમિતિ દ્વારા ચાલુવર્ષે ૨૦૦ નિશાળમાં ૨૦,૦૦૦ બાળકોને શાળા આરોગ્ય કાર્યક્રમમાં સહભાગી થવાની યોજના છે. વનવાસી વિસ્તારમાં જે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેડિકલ ઓફિસર ના હોય તે જ નિશાળને આ કાર્યક્રમમાં આવરી લેવાય છે.

સોમવારે ભીલોડા તાલુકાના ખેરાડી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની એચ.પી. ઠાકર એકલવ્ય વિદ્યાલય, નવી ભેટાલી પ્રાથમિક શાળા તથા ભેટાલી આશ્રમશાળાનાં કુલ ૮૫૧ બાળકોને તપાસી દવા આપી હતી. ડૉ. નટુભાઈ ત્રિવેદી, ડૉ. બોઘાની, વિલેશ મોરે, ગોપાલભાઈ તથા મિલેન્દ્રભાઈ હતા. કાર્યક્રમને સીટી ટાઈલ્સ્, દક્ષેણભાઈ રાવલે સ્પોન્સર કર્યો હતો.

## છગનભા વિજયપદ્મ રમતોત્સવ સાંસ્કૃતિક મહોત્સવની ઉજવણી

### ઉપસ્થિત મહાનુભાવોએ છગનભાના વ્યક્તિત્વ તેમજ ગુણોથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા

ગાંધીનગર, તા, ૨૬

શેઠ સી.એમ. હાઈસ્કૂલ ગાંધીનગર ખાતે 'છગનભા વિજયપદ્મ રમતોત્સવ' તેમજ સાંસ્કૃતિક મહોત્સવ યોજવામાં આવ્યો હતો. ઉપસ્થિત મહાનુભાવોએ છગનભાના વ્યક્તિત્વ તેમજ ગુણોથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. રમતોત્સવ તેમજ સાંસ્કૃતિક મહોત્સવમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંકુલની તમામ ભગિની સંસ્થાઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં શેઠ. સી.એમ. હાઈસ્કૂલના ત્રિવેદી જય (માધ્યમિક વિભાગ) નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમે જયારે વકૃતત્વ સ્પર્ધામાં પટેલ રજત, દ્વિતીય નંબરે હિતાર્થ બારોટ, તૃતીય નંબરે વિજેતા બન્યા હતા. રમતોત્સવમાં ચૌહાણ સૂર્યદીપ ૪૦૦ મીટર દોડમાં તૃતીય નંબરે, નાયી નિશિત એમ. લાંબી કૂંદમાં દ્વિતીય, પટેલ વિકાસ ગોળાફેંકમાં તૃતીય નંબર મેળવેલ છે. ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં વકૃતત્વ સ્પર્ધામાં પ્રથમ નંબરે પટેલ પાર્થ તેમજ દ્વિતીય નંબરે સાપોવાડિયા નિર્મલ વિજેતા બન્યા હતા. સમગ્ર શાળા પરિવારે વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

## લિટર સ્ટાર પ્લે ગૃપના ભૂલકાઓએ નાતાલ ઉજવી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના વાવોલ ગામે તા. ૨૫મી ડિસેમ્બરના રોજ નાતાલ પર્વ નિમિત્તે લિટલ સ્ટાર પ્લે ગૃપ-નર્સરીના બાળકો દ્વારા નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

નાતાલ પર્વ નિમિત્તે નાના નાના ભૂલકાઓએ વિવિધ પાત્રોનો સુંદર અભિનય પ્રસ્તુત કર્યો હતો. આ પ્રસંગે નાતાલ પર્વનું મહત્વ તેમજ પ્રભુ ઈસુનો સંદેશો રજૂ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં તમામ ભૂલકાઓ પરિવાર સહ ઉપસ્થિત રહ્યા હતાં.

## ગુજરાત યુનિવર્સીટીમાં એવિએશન કોર્ષ શરૂ થશે

અમદાવાદ, તા. ૨૬


ગુજરાત યુનિવર્સિટી હવે એવિએશન કોર્ષ અથવા તો ઉડ્ડયન કોર્ષ શરૂ કરવા જઈ રહી છે. જો કોમર્સ અને આર્ટ્સના વિદ્યાર્થી છે તો પણ આ વિદ્યાર્થીઓ ઉડ્ડયન કોર્ષમાં ભાગ લઈ શકશે અને વિમાન ફલાઈંગ કરવા માટેનું સ્વપ્ન પૂર્ણ કરી શકશે. કારણ કે ગુજરાત યુનિવર્સિટી વિદ્યાર્થીઓને આકર્ષિત કરવાના હેતુસર એવિએશન યુનિવર્સિટી સાથે સહકાર કરવા જઈ રહી છે. વિદ્યાર્થીઓ તેમના ડ્રીમ કેરિયરને આગળ વધારી શકશે. ગુજરાત યુનિવર્સિટી કોમર્શિયલ પાઈલોટ લાઈસન્સ અને એવિએશન મેન્ટેનેન્સામાં કોર્ષ ઉપલબ્ધ કરાવનાર રાજ્યમાં એક માત્ર યુનિવર્સિટી ઈલેકટ્રો થર્મ યુનિવર્સિટી સાથે મેમોરેડમ ઓફ અન્ડરસેન્ટીંગ કરવા જઈ રહી છે. આ એમઓયુ ઉપર વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૧૩ દરમિયાન હસ્તાક્ષર કરવામાં આવશે. એમઓયુ થતાં ગુજરાત યુનિવર્સિટી મલ્ટી વર્સીટી કોર્ષ સાથે આગળ વધશે. અહીં જુદા જુદા કોર્ષ વિદ્યાર્થીઓ આગળ વધારી શકશે.

## એસ.એસ. પટેલ બી.એડ. કોલેજમાં વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

### પ્રકૃતિવાદનો સિદ્ધાંત તેમજ આદર્શ બાળકની લાક્ષણિકતાઓની સમજ કેળવાય તે હેતુથી 'સર્વાંગિ શિક્ષણ' પુસ્તક આધારિત વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૬

કડી સર્વ વિશ્વ વિદ્યાલય ગાંધીનગર સંલગ્ન એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને અરવિંદ કેન્દ્ર સેકટર-૨૩ના સંયુકત ઉપક્રમે તાજેતરમાં સર્વાંગી શિક્ષણ વિષય પર વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. તાલીમાર્થીઓને પ્રકૃતિવાદનો સિદ્ધાંત તેમજ આદર્શ બાળકની લાક્ષણિકતાઓની સમજ કેળવાય તે હેતુથી લેખિકા જયોતિબેન થાનકીના 'સર્વાંગિ શિક્ષણ' પુસ્તક આધારિત વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. સદર કાર્યક્રમમાં એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજયુકેશનના ૧૩ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં દ્યુતિ ગામિતે પ્રથમ નંબર, સુનિતા પ્રજાપતિએ દ્વિતીય નંબર અને ઉર્વશી પરમારે તૃતીય નંબર મેળવ્યો હતો. વકતૃત્વ સ્પર્ધામાં અરવિંદ કેન્દ્ર ગાંધીનગરના ચેરમેન સી.કે. તન્ના તેમજ ગૌતમભાઈ આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને અંતે પ્રા. સુનિતા લીલાનીએ ઉપસ્થિત સર્વેનો આભાર વ્યકત કર્યો હતો તથા કાર્યક્રમનું સંચાલન નીશા પંડયાએ કર્યું હતું.



અમદાવાદ ખાતે વિધિવત રીતે કાંકરિયા કાર્નિવલનો આરંભ કરવામાં આવ્યો છે, ત્યારે ફોટોગ્રાફીના શોખીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી પણ કાંકરિયાનું સૌંદર્ય કૅમેરામાં કંડારવાનું ચૂક્યા નહોતા.

## પ્રેરણા વ્યાયામ શાળા દ્વારા ૨૮મીથી યોગાસન શિબિર

ગાંધીનગર, તા, ૨૬

પ્રેરણા વ્યાયામ શાળા ગાંધીનગર દ્વારા તા. ૨૮મી ડિસેમ્બરથી તા. ૬ઠ્ઠી જાન્યુઆરી સુધી સવારે ૬ : ૩૦ થી ૭ : ૩૦ સુધી યોગાસન શિબિર રાજપૂત ભવન સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે યોજેલ છે. આ યોગાસન શિબિરમાં શિબિરાર્થીએ પોતાની શેતરંજી લાવવાની રહેશે.

યોગાચાર્ય અશ્વિનભાઈ દવેના માર્ગદર્શન હેઠળ યોગ, પ્રાણાયામ શીખવાડવામાં આવશે. પ્રેરણા વ્યાયામ શાળા દ્વારા શિબિરાર્થીઓનો પ્રમાણપત્ર આપવામાં આવશે. પ્રમુખ પ્રદિપસિંહ બિહોલાએ જણાવેલ છે.

## જે.એસ. પટેલ વિદ્યામંદિરમાં ગીતા જયંતિ નિમિત્તે વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

### ધોરણ-૯થી ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો : ભાગ લેનાર સૌ વિદ્યાર્થીઓને પુસ્તકો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના રાંધેજા ગામે આવેલી જોઈતારામ શંકરદાસ પટેલ વિદ્યામંદિર ખાતે તાજેતરમાં ગીતા જયંતિ નિમિત્તે વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં ધોરણ-૯થી ધોરણ-૧૨ સુધીના ૧૨ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

વકતૃત્વ સ્પર્ધામાં ૧૨ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. જેમાં અંજલી પટેલ પ્રથમ નંબરે, મૌલિક પટેલ દ્વિતીય નંબરે અને મયૂરી સોલંકી તૃતીય નંબરે વિજેતા થયા હતા. સ્પર્ધામાં સુરેખાબેન પી. પટેલ અને સુરેખાબેન એમ. પટેલે નિર્ણાયક તરીકેની ભૂમિકા અદા કરી હતી. વિજેતા વિદ્યાર્થીઓને રાજેશભાઈ ગજ્જરે ઈનામ આપી સન્માનિત કર્યા હતા. ભાગ લેનાર સૌ વિદ્યાર્થીઓને પુસ્તકો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન રાજેન્દ્રકુમાર પટેલ અનો ભીખાભાઈ પટેલે કર્યું હતું.